શર્ટની ફેશન છે સદાબહાર

શર્ટ ટ્રેન્ડમાં ચાલુ રહેવાનું સૌથી મોટું કારણ છે વર્સેટિલિટી. એક જ શર્ટને જુદી જુદી રીતે પહેરી ઘણા લુક મેળવી શકાય છે. ઓવરસાઈઝ્ડ અને રિલેક્સ્ડ ફિટ જેવા ટ્રેન્ડે ફેશનમાં કમ્ફર્ટને પણ ખાસ જગ્યા આપી છે. આજે ફેશનમાં ઓફિસ, કોલેજ, આઉટિંગ કે ટ્રાવેલિંગ જેવા અનેક અવસરે પહેરી શકાય એવાં કપડાં વધારે પસંદ કરવામાં આવે છે. આ જ કારણે શર્ટ બેઝિક વોર્ડરોબ પીસ હોવા છતાં દરેક સિઝનમાં નવા અંદાજ સાથે ફરી આવે છે. જો તમે શર્ટને ટ્રેન્ડી રીતે પહેરવા ઈચ્છતાં હો તો માત્ર શર્ટની ડિઝાઈન જ નહિ પરંતુ ફિટ, બોટમ, ફૂટવેર અને એક્સેસરીઝ પર પણ ધ્યાન આપો.

શર્ટ હવે માત્ર ઓફિસ કે ફોર્મલ વેર સુધી સીમિત નથી રહ્યાં. ફેશનમાં આવેલાં પરિવર્તન સાથે શર્ટની ડિઝાઈન, ફિટ અને સ્ટાઈલિંગની રીત પણ ઘણી બદલાઈ ગઈ છે. આજે ઓવરસાઈઝ્ડ શર્ટથી માંડી ક્રોપ્ડ, સ્ટ્રાઈપ્ડ અને ટેક્સચર્ડ શર્ટ્સ સુધી ઘણી સ્ટાઈલ ફેશન લવર્સ પસંદ કરે છે. શર્ટની ખાસ વાત એ છે કે એને અલગ અલગ રીતે સ્ટાઈલ કરી કેઝ્યુઅલથી માંડી સ્ટાઈલિશ અને સ્માર્ટ લુક મેળવી શકાય છે.

ઓવરસાઈઝ્ડ શર્ટ

લુઝ ફિટ અને રિલેક્સ્ડ સિલ્હૂટવાળાં આ શર્ટસ કમ્ફર્ટેબલ હોવાની સાથે સ્ટાઈલિશ પણ હોય છે. આ જ કારણે કોલેજ ગોઈંગ ગર્લ્સથી માંડી વર્કિંગ વુમન પણ એને પસંદ કરે છે. ઓવરસાઈઝ્ડ શર્ટ સ્ટ્રેટ ફિટ જીન્સ કે વાઈડ લેગ પેન્ટ સાથે પહેરી શકાય. શર્ટ સાધારણ ટક ઈન કરી બેલ્ટ સાથે લુકને ડિફાઈન કરો. કેઝ્યુઅલ લુક માટે શર્ટની અંદર બેઝિક ટેન્ક ટોપ પહેરી એને ખુલ્લું પણ રાખી શકાય.

સ્ટ્રાઈપ્ડ શર્ટ

સ્ટ્રાઈપ્સ કદી પણ આઉટ ઓફ ફેશન થતી નથી. ખાસ કરીને વર્ટિકલ સ્ટ્રાઈપ્ડ શર્ટ્સ આજકાલ ટ્રેન્ડમાં છે. એ સિમ્પલ આઉટફિટમાં પણ પેટર્ન અને પર્સનાલિટી એડ કરે છે. વર્ટિકલ સ્ટ્રાઈપ્સ ઊંચા દેખાવામાં મદદ કરે છે. ક્લિન કેઝ્યુઅલ લુક માટે બ્લૂ કે વ્હાઈટ સ્ટ્રાઈપ્ડ શર્ટને ડેનિમ સાથે પહેરી શકાય. ઓફિસ માટે ટ્રાઉઝર અને લોફર્સ સાથે પેર કરો. થોડો ટ્રેન્ડી લુક જોઈતો હોય તો શર્ટની સ્લીઝ ફોલ્ડ કરો.

ડેનિમ શર્ટ

ડેનિમ શર્ટનો ક્રેઝ હંમેશાં રહે છે. એનો સૌથી મોટો ફાયદો એ છે કે એને ઘણા પ્રકારના આઉટફિટ સાથે સહેલાઈથી મેચ કરી શકાય છે. ડેનિમના ટેક્સચર આખા લુકને થોડો કૂલ અને એફર્ટલેસ બનાવે છે. ડેનિમ શર્ટને બ્લેક જીન્સ કે વ્હાઈટ પેન્ટ સાથે પહેરો. એનો જેકેટની જેમ ઉપયોગ કરી અંદર ટી શર્ટ પહેરી શકાય છે. મોનોક્રોમ ડેનિમ લુક એટલે કે એક કલરના ડેનિમ શર્ટ અને જીન્સ પણ ટ્રાય કરી શકાય છે. પરંતુ એમાં શર્ટ અને બોટમના શેડ્સમાં થોડો ફેર રાખવો બહેતર રહેશે.

લિનન અને કોટન શર્ટ

આરામ અને સ્ટાઈલનું કોમ્બિનેશન ઈચ્છતાં હો તો લિનન અને કોટન શર્ટસ પર્ફેક્ટ ઓપ્શન છે. ખાસ કરીને ગરમીની મોસમમાં એના લાઈટ અને બ્રિધેબલ ફેબ્રિકને કારણે એ ઘણા પસંદ કરવામાં આવે છે. વ્હાઈટ કે પેસ્ટલ લિનન શર્ટને બેજ ટ્રાઉઝર, ડેનિમ કે શોર્ટસ સાથે પહેરો. શર્ટનાં બધાં બટન બંધ કરવાને બદલે થોડાં બટન ખુલ્લાં રાખી અંદર બેઝિક ટોપ કે ટેન્ક ટોપ પહેરી શકાય. આ લુક રજા અને વીકએન્ડ આઉટિંગ માટે સારો વિકલ્પ છે.

ક્રોપ્ડ શર્ટ

ક્રોપ્ડ શર્ટ એ યુવતીઓ માટે સારો વિકલ્પ છે જે ટ્રેડિશનલ શર્ટને થોડો મોડર્ન ટ્વિસ્ટ આપવા માંગે છે. એની ઓછી લેન્થ આઉટફિટને ફેશનેબલ બનાવે છે. હાઈ વેસ્ટેડ જીન્સ, કાર્ગો પેન્ટ કે સ્કર્ટ સાથે ક્રોપ્ડ શર્ટ સારા લાગે છે. એને હાઈવેસ્ટ બોટમ સાથે પહેરી શકાય. એ ઉપરાંત ઈચ્છો તો સિમ્પલ એક્સેસરીઝ અને મિનિમલ ફૂટવેર સાથે લુકને બેલેન્સ કરી શકાય છે.

ફ્લોરલ અને પ્રિન્ટેડ શર્ટ

» બોલ્ડ અને ફન લુક પસંદ કરવાવાળા માટે પ્રિન્ટેડ શર્ટ સારી પસંદ છે. ફ્લોરલ, એબ્સ્ટ્રેક્ટ અને નાની જ્યોમેટ્રિક પ્રિન્ટ્સ બેઝિક આઉટફિટને પણ આકર્ષક બનાવે છે. આ શર્ટ સમર માટે પર્ફેક્ટ છે.

» પ્રિન્ટેડ શર્ટ સોલિડ કલરના પેન્ટ કે જીન્સ સાથે પહેરો જેથી આખો લુક ભરાવદાર ન લાગે. જો શર્ટની પ્રિન્ટ બોલ્ડ હોય તો એક્સેસરીઝ અને ફૂટવેર મિનિમલ રાખો.